# RAJKOT MUNICIPAL CORPORATION
## Solid Waste Management Department

## e-Tender No. RMC/SWM/2024-25/26

**Bid Document for**
**"Manpower Supply for Sweeping and Waste Collection from West Zone BRTS ROUTE (150 FEET RING ROAD)"**

| **The milestone dates of e-Tender are as under :** | | |
|---|---|---|
| 1 | Download of e-tender documents | Up to 19-03-2025, 16:00 hours |
| 2 | Pre-Bid Meeting | Dt. 10-03-2025 at 11.30 hours at office of the Environment Engineer, Central Zone Office, “Dr.Ambedkar Bhavan’’, Dhebarbhai Road Rajkot - 360001. |
| 3 | Online submission of e-tender | Up to 19-03-2025, 18:00 hours |
| 4 | Physical submission of EMD, tender fee and other documents by R.P.A.D./Speed Post/Courier Only. | Up to 24-03-2025, 18:00 hours |
| 5 | Verification of submitted documents (EMD, e-tender fee, Etc.) | Up to 25-03-2025, 16:00 hours |
| 6 | Opening of online tender | From 25-03-2025, 16:30 hours |
| **For further particulars, visit us on rmc.nprocure.com** | | |

**ENVIRONMENT ENGINEER**
**SOLID WASTE MANAGEMENT DEPARTMENT**
**RAJKOT MUNICIPAL CORPORATION**
**RAJKOT (GUJARAT)**

# <u>ટેન્ડર ભરવા માટે જરૂરી સમજુતી/સૂચનાઓ</u>

- ટેન્ડર તમામ પાના પર સહી સિક્કા કરી ફીઝીકલ સબમીશનનાં કવરમાં રજુ કરવાના રહેશે, ફીઝીકલ સબીશનમાં આ ઉપરાંત જરૂરી ઈ.એમ.ડી. તથા ટેન્ડર ફીના ડી.ડી. અસલમાં તથા અનુભવના પ્રમાણપત્રો જરુરી નોંધણી/માન્યતાનાં પ્રમાણપત્રની ખરી નકલો તેમજ ઇન્ડેક્સમાં પાના નંબર દર્શાવવી રજુ કરવાની રહેશે.
- ભાવપત્રક ફકત ઓનલાઇન ભરવાનું છે. જેમાં એજન્સીએ પોતાનો સર્વીસ ચાર્જ ટકાવારીમાં ભરવાનો રહેશે ભાવપત્રકની હાર્ડ કોપી રજુ કરવાની નથી.
- ભાવ ભરનાર એન્જસીએ નિયત સમયમર્યાદામાં પહોંચતા કરેલા ટેન્ડર જ ખોલવામાં આવશે, ફાટેલા, તૂટેલા અથવા નિયત સમયમર્યાદામાં ન આવેલા ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. ભાવ ભરનાર એજન્સીએ ટેકનીકલ બીડના આધાર પુરાવાઓ તથા ટેન્ડર ફી, ઈ. એમ. ડી. ના ડી. ડી. અથવા બેંક ગેરન્ટી ટેન્ડર સાથે મોકલવાના રહેશે. જ્યારે "ફાઈનાન્સિયલ બીડ માત્ર અને માત્ર www.nprocure.com પર ઓનલાઈન ભરવાની રહેશે."
- ઈ. એમ. ડી. ની રકમ ડી. ડી. સ્વરૂપે અથવા બેંક ગેરન્ટી સ્વરૂપે આપવી, અને ટેન્ડર ફી ડી. ડી. સ્વરૂપે આપવી. ઉપરોકત સૂચનાઓનો કોઇપણ પ્રકારે અમલ થયેલ નહીં હોય તેવા ટેન્ડરો આપોઆપ અમાન્ય ઠરશે.
- ટેકનીકલ બીડ (ટેન્ડર ડોકયુમેન્ટસ) સીલ બંધ કરવામાં “ફક્ત પોસ્ટ મારફત” પર્યાવરણ ઈજનેરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, રૂમ નં. ૩, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, ડો. આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ-૩૬૦૦૦૧ નિયત સમય મર્યાદામાં પહોચતું કરવાનું રહેશે. કવર ઉપર “સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ” ની કામગીરી માટે BRTS રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં સફાઈ કામદાર પુરા પાડવા માટેનું ટેકનીકલ બીડ એ પ્રમાણે સ્પષ્ટ લખવાનું રહેશે. નિયત સમય મર્યાદા મળેલ ટેકનીકલ બીડ માન્ય રહેશે નહી.

પર્યાવરણ ઇજનેર
રાજકોટ મહાનગરપાલિકા

# RAJKOT MUNICIPAL CORPORATION
## Solid Waste Management Department
## FORM - I

1. Full Name of the Contractor : ____________________

2. Office address of the Contractor : ____________________
____________________
____________________
____________________
Phone Number : ____________________
Mobile Number : ____________________

3. Residential address of the Contractor : ____________________
____________________
____________________
____________________
Phone Number : ____________________
Mobile Number : ____________________

4. Banking Details of the Contractor :
Name of the Bank : ____________________
Branch : ____________________
Account No. : ____________________
Current/Saving : ____________________

5. Sign and Stamp of the bidder : ____________________

(NOTE : The above details must be duly filled and signed with the stamp of the bidder, and submitted along with other documents at the time of physical submission)

## :: DETAILS FOR VENDOR REGISTRATION ::

| | |
|---|---|
| | **RAJKOT MUNICIPAL CORPORATION**<br>**ACCOUNTS DEPARTMENT**<br>Room No. 4, 2nd Floor,<br>Dr. Ambedkar Bhavan, Debar Road, Rajkot-360001 |

## PARTY/VENDOR REGISTRATION FORM

| | | |
|---|---|---|
| **VENDOR CODE** | : | |
| **Party Name** | : | |
| **Authorized Person** | : | |
| **PAN Card No.** | : | |
| **GST No.** | : | |
| **PF Code** | : | |
| **ESIC Code** | : | |
| **Address** | : | |
| **Phone No.** | : | |
| **Mobile No.** | : | |
| **e-maid Id** | : | |
| **Web site** | : | |
| **Area of Work** | : | |
| **Bank Details (Attach copy of Cancel Cheque)** | | |
| **Bank Name** | : | |
| **Branch Name** | : | |
| **MICR Code** | : | |
| **IFSC Code** | : | |
| **Account Type** | : | |
| **Account Number** | : | |

**(1) Any vendor while filling a tender shall quote registration details; if he is not registered he will give fresh details along with tender.**

**(2) Accounts branch will designate a person who will keep the forms and also authorize new registrations or edit existing registrations.**

---

**To,**
**Chief accountant,**
**Account Department,**
**Rajkot Municipal Corporation**

**The above mentioned details for vendor registration has been verified by us & found correct. Kindly register above vendor.**

**SIGN :**
**NAME :**
**DESIGNATION :**
**DEPARTMENT NAME :**

Signature and seal of Bidder

(NOTE : The above details must be duly filled and signed with the stamp of the bidder, and submitted along with other documents at the time of physical submission)

## : TENDER NOTICE :

કામનું નામ : શહેરના પશ્ચિમ ઝોનના BRTS રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં પાર્ટ ટાઇમ સફાઇ સફાઈ કામદારો મારફતે સફાઇ તથા કચરો ઉપાડવાની કામગીરીના દ્વિ-વાર્ષિક કોન્ટ્રાકટના કામે ટુ-બીડ પધ્ધતિથી ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઇ-ટેન્ડર નં .RMC/SWM/2024-25/26

| | |
|---|---|
| કામની અંદાજીત રકમ | : રૂા. ૨,૩૨,૫૨,૦૦૦/- |
| કોન્ટ્રાકટની મુદત | : ૨ (બે) વર્ષ |
| Earnest Money Deposit | : ઈ. એમ. ડી. ની રકમ (અંદાજીત કામના) ૧% લેખે (ડી. ડી. ના સ્વરૂપમાં)  થવા બેંક ગેરેન્ટી ટેન્ડર ડોકયુમેન્ટ સાથે રજુ કરવાની રહેશે. |
| ટેન્ડર ફી | : રૂા. ૪૫૦૦/- (ડી.ડી.ના સ્વરૂપમાં) |
| સીકયોરીટી ડીપોઝીટ | : સીકયોરીટી ડીપોઝીટ મંજુર થયેલ ભાવના ૫ % લેખે |

પર્યાવરણ ઇજનેર
રાજકોટ મહાનગરપાલિકા

# <u>બાંહેધરી</u>

## <u>(રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ)</u>

આ બાહેંધરી અમો રાજકોટ મહાનગરપાલિકાના શ્રી કમિશનર સાહેબને જોગ લખી આપનાર શ્રી.......................................................................................રહે..............................,.....................................................................

આથી સમજી, વિચારી, શુધ્ધ, બુધ્ધીપુર્વક રાજકોટ મહાનગરપાલિકાની સંપુર્ણ તરફેણમાં સોગંદનામું (બાહેંધરી) કરી આપું છું, જે મને અને મારા વંશ વારસોને સંપુર્ણ રીતે બંધનકર્તા રહેશે.

હું/અમોની એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના પશ્ચિમ ઝોનના BRTS રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં પાર્ટ ટાઇમ સ□ાઈ કામદારો માર□તે સ□ાઈ કરી કચરાના એકત્રિકરણ દ્વિ-વાર્ષિક કોન્ટ્રાકટના કામે અમો ઇ-ટેન્ડરની તમામ શરતો ને આધીન કામગીરી કરવા સહમત છીએ, તેમજ અમારી જાણમાં છે કે, અમો લેબરના કાયદા મુજબ તથા વખતો વખતના સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવતા મીનીમમ વેજીસ મુજબ સ□ાઈ કામદારને પગાર ચુકવવા, તથા પી.એ□. ના કાયદા મુજબ માલિકનો □ાળો, ઇ.એસ.આઇ.સી., બોનસ તથા સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઇપણ ટેકસ, કે ભરણું ભરવા પાત્ર થશે, તે કોઇપણ લેણું ભરવાની સઘળી જવાબદારી અમારી તથા અમારા વંશ વારસોની રહેશે. સદરહું કામે ભવિષ્યમાં કોઇ આર્થિક બાબતે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થશે, તેની પણ સઘળી જવાબદારી અમારી તથા અમારા વંશ વારસોની રહેશે તથા સંપુર્ણપણે બંધનકર્તા રહેશે. સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં એસક્રો એકાઉન્ટ જેવી બાબત અમલમાં મુકશે જેની અમો દ્વારા નિ:સંકોચ પાલન કરવામાં આવશે. જેથી અમો ઉપરોકત કામે ભરેલ ભાવ બાબતે સ્પષ્ટ છીએ, અને લેબર, પી.એ□., ઇ.એસ.આઇ.સી., બોનસ કાયદાનું અમો દ્વારા સંપૂર્ણ પાલન કરવામાં આવશે, જે બાબતને ધ્યાને લઇ અમો દ્વારા આ લેખિતમાં સોગંદનામું (બાહેંધરી) કરી આપીએ છીએ, સદરહું કામગીરી વિના વિવાદ, ટેન્ડરની તમામ શરતોને આધીન રહી કરવા આથી અમો લેખિતમાં ખાત્રી આપીએ છીએ.

**ટેન્ડર મંજુર થયેલી રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી. ના સ્વરૂપમાં સિક્યોરીટી ડીપોઝીટ (SECURITY DEPOSIT) અથવા બેંક ગેરન્ટી પેટે ચૂકવવા જરૂરી સરકારશ્રીના ધારા ધોરણ મુજબની સ્ટેમ્પ ડયુટી ભરી કરાર કરવા હું/અમોએ બાંહેધરી આપીએ છીએ.**

આ બાહેંધરી રાજકોટ મહાનગરપાલિકાની તર□ેણમાં સમજી, વિચારી, શુધ્ધ બુધ્ધીપુર્વક, બિનકે□ કરેલ છે, તથા શાખ પુરાવી સહી કરી આપેલ છે.

તા.  /  /૨૦૨૫ **એજન્સીના સહી ..............................................**

રાજકોટ

**સીક્કો..............................................**

| | |
|---|---|
| **સાક્ષી - (૧)** | **સાક્ષી - (૨)** |
| **સહી ..........................................** | **સહી ..............................................** |
| **નામ..........................................** | **નામ..............................................** |
| **સરનામું......................................** | **સરનામું.........................................** |
| **....................................................** | **.......................................................** |
| **....................................................** | **.......................................................** |

# ફાયનાન્સિયલ બીડ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંગણી મુજબ પુરા પાડેલ મેનપાવર સબંધે લઘુતમ વેતન કાયદા અન્વયે નિયત કરાયેલ વેતન, પી.એફ. એક્ટ મુજબ એમ્પ્લોયરએ ચુકવવાનો થતો ફાળો, તેમજ ઈ.એસ.આઈ. એક્ટ મુજબ એમ્પ્લોયરએ ચુકવવાનો થતો ફાળો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના ટેક્સ (સર્વિસટેક્સ/જી.એસ.ટી.) વખતોવખત થતા ફેરફાર મુજબ તેમજ એજન્સી દ્વારા મેનપાવર પુરા પાડવા માટે આપેલ સેવા અન્વયે ટેન્ડરની શરતો મુજબ મંજુર કરેલ સર્વિસ ચાર્જ ચુકવવામાં આવશે. આમ, મેનપાવર સપ્લાય એજન્સી દ્વારા ફક્ત સર્વિસચાર્જ જ ફાયનાન્સિયલ બીડમાં નીચે મુજબ જણાવવાના રહેશે.

## --- સર્વિસ ચાર્જનું ભાવપત્રક ---

| વિગત | સર્વિસચાર્જની ટકાવારી |
|---|---|
| શહેરના પશ્ચિમ ઝોનના BRTS રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં પાર્ટ ટાઇમ સફાઇ સફાઈ કામદારો મારફતે સફાઇ તથા કચરો ઉપાડવાની કામગીરી માટે પાર્ટ ટાઇમ સફાઈ કામદારના માસિક વેતનની રકમ ઉપર એજન્સીને ચુકવવાના થતાં સર્વિસ ચાર્જની ટકાવારી | To be filled online only on www.nprocure.com (મીનીમમ વેજીસ મુજબ પ્રતિદિનના રૂપિયા મુજબ) |

નોંધ :

- ભાવ ભરનાર એજન્સીએ સર્વિસ ચાર્જની ટકાવારીનો ભાવ ઓનલાઈન www.nprocure.com પર ભરવાના રહેશે.

એજન્સીના સહી/ સિકકા

## સામાન્ય શરતો :-

1. કોન્ટ્રાકટરે નીચેની વિગતે પાર્ટ ટાઈમ સફાઈ કામદારો મારફત શહેરના પશ્ચિમ ઝોનના **BRTS** રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં પાર્ટ ટાઇમ સ□ાઈ કામદારો માર□તે સ□ાઈ કરી કચરાના એકત્રીકરણ કરી રા.મ.ન.પા. ના મીનીટીપર/ટ્રેકટરમાં નાખવા સુધીની કામગીરી કરવાની રહેશે. લગત વોર્ડ ખાતે સ્થળ પર સ□ાઈની કામગીરી રા.મ.ન.પા. સુચવે તે પ્રમાણે કરવાની રહેશે, અને તે પ્રમાણે માણસો □ાળવવાના રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જો વધારે સ□ાઈ કામદારો પુરા પાડવાનું સુચવવામાં આવે તો તે મુજબ સ□ાઈ કામદારો પુરા પાડવાના રહેશે.

| ક્રમ | પાર્ટ ટાઈમ સફાઈ કામદાર ફાળવવાની વિગત | પાર્ટ ટાઈમ સફાઈ કામદારની સંખ્યા |
|---|---|---|
| ૧. | પશ્ચિમ ઝોનના **BRTS** રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઇડ) માં પાર્ટ ટાઇમ સ□ાઈ કામદારો માર□તે સ□ાઈ કરી કચરાના એકત્રીકરણ ની સ□ાઈલક્ષી કામગીરી | ૧૦૫ |
| | **કુલ :-** | ૧૦૫ |

2. પાર્ટ ટાઇમ સ□ાઈ કામદારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઇએ
3. એજન્સીને ચુકવવાના થતા સર્વિસ ચાર્જની રકમ પર સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવતા ટી.ડી.એસ.ની રકમ કપાત કરવામાં આવશે.
4. એજન્સીએ મેનપાવરના માસિક વેતનની રકમ બેંક ખાતામાં ECS/NEFT/RTGS મારફતે જ જે તે મહિનાની તારીખ-૧૦ (દસ) સુધીમાં ચુકવણી કરવાની રહેશે. એજન્સીએ મેનપાવરના માસિક વેતનની રકમ જમા કરાવ્યાના આધાર પુરાવા જે તે મહિનાની તારીખ-૧૫ (પંદર) સુધીમાં રજૂ કરવાના રહેશે.
5. એજન્સીએ મેનપાવરને દર માસે પગાર સ્લીપ આપવાની રહેશે.
6. એજન્સીએ મેનપાવરને દર માસે કપાત કરેલ પી.એફ. નું વાર્ષિક સ્ટેટમેન્ટ આપવાનું રહેશે.
7. એજન્સીએ મેનપાવરને પી.એફ. ના UNIVERSIAL ACCOUNT NUMBER (UAN NUMBER) આપવાના રહેશે.
8. આ કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતા સાધનો જેવા કે પાવડા, પાવડી, તગારા, બકડીયા, ત્રિકમ, લોખંડના વાળા, ગમ બુટ, ડબ્બા સાથે આડા/ઉભા સાવરણા, મેટલ પ્લેટ અને સાઈડ હેન્ડલ વાળા ડબ્બા, સાયકલ નાં પંખા, બ્રશ, ધણ, છીણી, નાડા, પરાઈ, વાંસ વગેરે કોન્ટ્રાકટરશ્રીએ સ્વખર્ચે વસાવવાના રહેશે. વ્હીલબરો તથા તેના ડબ્બા તથા ચુનો/મેલેથીયોન પાઉડર મહાનગરપાલિકા દ્વારા પુરા પાડવામાં આવશે.
9. સફાઈની કામગીરી દરમ્યાન કોઈપણ સફાઈ કામદારને કોઈપણ જાતનો અકસ્માત થાય કે જાનહાની થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. તેમાં રા.મ.ન.પા.ની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. છતાં આ કામ દરમ્યાન કોઈપણ વ્યકિતને ઈજા થાય કે મૃત્યુ થાય અને રાજકોટ મહાનગરપાલિકા ઉપર કલેઈમ કે અન્ય કોઈપણ પ્રકારનો કેસ અથવા જવાબદારી નક્કી કરવામાં આવે તો તે ક્લેઈમ કેસની માંગણી રકમ કોન્ટ્રાકટરશ્રીના બીલ માંથી કપાત કરવામાં આવશે અને ડીપોઝીટ તરીકે જમાં લેવામાં આવશે અને ક્લેઈમ પૂર્ણ થયે તે રકમ જે તે વ્યક્તિને ચુકવવામાં આવશે અને જો રકમ વધતી હશે તો કોન્ટ્રાકટરશ્રી ને પરત ચુકવવામાં આવશે અને જો રકમ ધટતી હશે તો કોન્ટ્રાકટરશ્રી ના સિક્યુરીટી ડીપોઝીટ માંથી કપાત કરવામાં આવશે.
10. લગત રૂટની સફાઈની કામગીરી માટે કયા વિસ્તારમાં કેટલા સફાઈ કામદારો મુકવા તેનું શેડ્યુલ રા.મ.ન.પા. દ્વારા નકકી કરવામાં આવે તે મુજબ કામગીરી કરવાની રહેશે.તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

11. લગત સ્થળની સફાઈ કરી એકઠો થયેલ તમામ કચરો વ્હીલબરો વડે રા.મ.ન.પા. દ્વારા નકકી કરવામાં આવેલ મીની ટીપર/ટ્રેક્ટરમાં નાખવાનો રહેશે.

12. સફાઈની કામગીરી કરતા સ્ત્રી/પુરૂષ કામદારોને મહાનગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે મુજબનાં એપ્રન/માસ્ક/ગ્લોઝ/આઈ-કાર્ડ. આપવાના રહેશે. દર □ ઠવાડીયે માસ્ક આપવાના રહેશે તેમજ દર ૧૫ - દિવસે ગ્લોઝ કોન્ટ્રાકટરશ્રી એ પોતાના ખર્ચે આપવાના રહેશે.

13. આ કામગીરીના સુપરવિઝન માટે વોર્ડમાં ૨ (બે) સુપરવાઈઝર સ્વ ખર્ચે રાખવાનાં રહેશે.

14. કોન્ટ્રાકટરશ્રીએ આ કામે રાખેલ કામદારોને દરરોજ સવારે રા.મ.ન.પા. દ્વારા નકકી કરેલ સમયે વોર્ડ ઓફીસે હાજર રહેવાનુ રહેશે. □ ડધા દિવસની કામગીરીમાં ૨ (બે) હાજરીમાં એપ્રન/માસ્ક/ગ્લોઝ/આઈ-કાર્ડ. સાથે હાજર રાખવાના રહેશે. □ ડધા દિવસની કામગીરીના ૨ (બે) હાજરીમાંથી કોઈપણ એક હાજરીમાં ગેરહાજર રહેલ સફાઈ કામદારની ગેરહાજરી ગણવામાં આવશે □ ને ગેરહાજરી સબબની નિયમ મુજબની પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

15. બીલનાં પેમેન્ટ માટે દર માસે કોન્ટ્રાકટરશ્રીએ બીલ સ્વરૂપે માંગણી કરવાની રહેશે, □ ને બીલની માંગણી સાથે ટેન્ડરની શરતો મુજબ કામગીરી કરેલ છે, તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમજ આગલા માસના સફાઈ કામદારશ્રી ને કરેલ પેમેન્ટનું ચુકવણી પત્રક સાથે રજુ કરવાનું રહેશે □ ને પી.એફ. □ ને ઈ.એસ.આઈ.સી. તથા બોનસના ચલણ રજુ કરવાના રહેશે. ત્યારબાદ પેમેન્ટ આપવામાં આવશે.

16. રાજકોટ મહાનગરપાલિકાના □ ધિકૃત કર્મચારી કે □ ધિકારી સફાઈની કામગીરીનું દૈનિક સુપરવિઝન કરવામાં આવે, તેમાં કોન્ટ્રાકટરશ્રીની કામગીરી સંતોષકારક નહીં જણાય □ ને કામગીરીમાં ગેરરીતિ કરતા હોવાનું કે રાજકોટ મહાનગરપાલિકાનું આર્થિક હીત જોખમાઈ તેવુ કૃત્ય કરતા હોવાનું માલુમ પડશે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ્દ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે □ ને કોન્ટ્રાકટરશ્રી દ્વારા ભરવામાં આવેલ સીકયોરીટી ડીપોઝીટ ની રકમ ફોરફીટ કરવામાં આવશે.

17. આ કામગીરીની મુદ્દત વર્ક ઓર્ડરની તારીખથી બે (૦૨) વર્ષ સુધીની રહેશે. પરંતુ કોર્પોરેશન મુદત પુરી થયે ૦૬ (છ) માસ □ થવા જયાં સુધી બીજો કોન્ટ્રાકટ ન આપવામાં આવે, બે માંથી જે વહેલુ હોય તે સમય માટે કોન્ટ્રાકટરશ્રીએ મંજુર થયેલ ભાવથી કામગીરી કરવાની રહેશે, કોન્ટ્રાકટરશ્રી તેનો ઈન્કાર કરી શકશે નહીં □ થવા □ ને જો ઈન્કાર કરશે તો કોન્ટ્રાકટરશ્રીની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી, રા.મ.ન.પા. ના કોઈ પણ કામ માટે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. મહાનગરપાલિકા નવા સાધનો વસાવે કે □ ન્ય વ્યવસ્થા થાય તો કોઈપણ સમયે ચાલુ કોન્ટ્રાકટ બંધ કરી શકશે.

18. સફાઈ કામગીરીમાં વિલંબ કે વિક્ષેપ ન થાય તે પણ જરૂરી છે. આ બાબતે કોન્ટ્રાકટરશ્રી સાથે રોજ-બરોજ ના સંદેશાવ્યવહાર માટે મોબાઈલ ફોન કોન્ટ્રાકટરશ્રી એ સ્વખર્ચે વસાવવાનો રહેશે.

19. કોન્ટ્રાકટરશ્રી દ્વારા સફાઈની કામગીરી માટે રાખવામાં આવેલ સફાઈ કામદારને રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારી તરીકે ગણવામાં આવશે નહી. આ સફાઈ કામદારો કોન્ટ્રાકટરશ્રીના જ ગણવામાં આવશે, સફાઈ કામદારો મહાનગરપાલિકામાં નોકરી મેળવવાનો હકક દાવો રહેશે નહીં. કોન્ટ્રાકટરશ્રી દ્વારા સફાઈ કામગીરી માટે રાખવામાં આવેલ સફાઈ કામદારો દ્વારા, કે કોન્ટ્રાકટરશ્રીના કોઈપણ સુપરવાઈઝરી સ્ટાફ કે કોન્ટ્રાકટરશ્રીના માણસો દ્વારા ઉત્પન્ન થતા તમામ પ્રકારના પ્રશ્નોની જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે. આ અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી. કોન્ટ્રાક્ટરશ્રીના માણસો દ્વારા સફાઈ કામગીરીમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી કે □ ણઆવડત કે બેજવાબદારી ભરી કામગીરીને કારણે રાજકોટ મહાનગરપાલિકાને આર્થિક કે □ ન્ય કોઈ પ્રકારનુ નુકશાન થશે કે જશે કે કોઈપણ નુકશાન કોઈ પણ પ્રકારનુ વળતર ચુકવવાનુ થશે તે વળતરની તમામ પ્રકારની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની

રહેશે, જે કોન્ટ્રાકટરશ્રીની બીલમાંથી કપાત કરવામાં આવશે. તે બાબતે કોન્ટ્રાકટરશ્રી કોઈપણ પ્રકારનો દર દાવો કે તકરાર કરી શકશે નહી.

20. ભાવ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરશ્રીએ કુલ કામની કીંમતના ૫% (પાંચ ટકા) મુજબની સીકયોરીટી ડીપોઝીટનો ગુજરાતની નેશનલાઈઝડ બેંક ▯ થવા શેડયુલ બેંક નો એફ.ડી.આર. કઢાવી એફ.ડી.આર. પાછળ રેવન્યુ સ્ટેમ્પ પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી સો.વે.મે. વિભાગમાં નિયત સમયમાં રજુ કરવાનો રહેશે તથા સીકયોરીટી ડીપોઝીટની રકમના ૪.૯૦% લેખે ના સ્ટેમ્પ પેપર ઉપર રા.મ.ન.પા. ની ફેવરમાં જરૂરી કરારનામું કરી આપવાનું રહેશે, કરારનામાનો મુસદો સો.વે.મે. શાખામાંથી આપવામાં આવશે. સરકારશ્રી દ્વારા જે કંઈ ટેકસ કે વેરા નાખવામાં આવેતે બીલમાંથી કપાત કરવામાં આવશે.

21. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફેસ ડીટેકશન મશીન વોર્ડ ઓફીસે રાખવામાં આવેલ છે, કોન્ટ્રાકટરશ્રીના તમામ કામદારોની હાજરી ફેસ ડીટેકશન મશીન દ્વારા જ કરવાની રહેશે. આ અંગે કોન્ટ્રાકટરશ્રી એ જે કોઈપણ પ્રકારનું પેપરવર્ક કે જરૂરી માહિતી પૂરી પાડવાની થાય કે માહિતી તૈયાર કરવાની થાય તો કોન્ટ્રાકટરશ્રી એ સ્વખર્ચે તૈયાર કરી આપવાની રહેશે, તેમા કોન્ટ્રાકટરશ્રી દ્વારા સહકાર નહી આપવામાં આવે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

22. કોન્ટ્રાકટરશ્રીઓએ તેમના કામદારોના બેંક ખાતાની વિગત કોન્ટ્રાકટરશ્રી ▯ થવા સફાઈ કામદારોના સ્વ ખર્ચે ખોલાવવાના રહેશે. ▯ ને તેમના સફાઈ કામદારોનો પગાર તથા બોનસની રકમ બેંક ખાતાઓમાં જમા કરાવવાની રહેશે. તેમાં કોન્ટ્રાકટરશ્રી દ્વારા સહકાર નહી આપવામાં આવે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે ▯ ને સીકયોરીટી ડીપોઝીટ ની જપ્ત કરવામાં આવશે.

23. સફાઈની કામગીરી જાહેર-રજા ના દિવસો એ ▯ થવા કોઈ કાર્યક્રમ માટે બપોર બાદ સફાઈની કામગીરી માટે રા.મ.ન.પા. દ્વારા સુચના આપવામાં આવ્યે કોન્ટ્રાકટરશ્રી એ સફાઈ કામદારો ફાળવવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રી ઈન્કાર કરી શકશે નહીં, વધારાના ફાળવેલ સફાઈ કામદારોનું પેમેન્ટ મંજુર થયેલ ભાવ મુજબ કરવામાં આવશે. જો સૂચવ્યા મુજબના સફાઈ કામદારો ફાળવવામાં ન આવે તો શરત નં. ૩૩ મુજબ પેનલ્ટી કરવામાં આવશે.

24. સરકારશ્રીના વખતો વખતના નિયમો મુજબ ભરવાનો થતો પી.એફ., **GST** (જો લાગુ પડતો હોયતો), ઈ.એસ.આઈ.સી, લેબર લાયસન્સ, વગેરે જેવી તમામ જરૂરી બાબતોની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે. આમા રાજકોટ મહાનગરપાલિકા એ કંઈ કરવાનું રહેશે નહીં, ઉપર જણાવેલ ટેક્ષ બાબતે સરકારી કચેરી કે, સફાઈ કામદાર દ્વારા કોઈપણ પ્રકારનો દાવો થાય ▯ ને રાજકોટ મહાનગરપાલિકાને પક્ષકાર તરીકે જોડવામાં આવશે તો દાવાની રકમ કોન્ટ્રાકટરના બીલમાંથી ડીપોઝીટ તરીકે કપાત કરી રા.મ.ન.પા. પાસે રાખવામાં આવશે. ▯ ને દાવો પુર્ણ થયે ભરવાની થતી રકમ ભરી બાકીની વધતી રકમ જે તે કોન્ટ્રાકટરશ્રી ને ચુકવવામાં આવશે.

25. કોન્ટ્રાકટરશ્રીએ ગવર્નમેન્ટ રૂલ્સ મુજબ લાગુ પડતા લેબર લો, પી.એફ. રૂલ્સ, ઈ.એસ.આઈ.સી. તે તમામ વેરા તથા ટેક્ષ ભરી તેના ચલણ બીલ સાથે રજુ કરવાના રહેશે. **GST** જો લાગુ પડેતો રા.મ.ન.પા. દ્વારા ▯ લગથી ચુકવવામાં આવશે. ઉપરોકત ટેક્ષ કે વેરા અંગે જે કાઈ પણ વિવાદ ઉપસ્થિત થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

26. કોન્ટ્રાકટની મુદ્દત દરમ્યાન સરકારશ્રીનાં વખતો વખતનાં નિયમો મુજબ ભરવાનો થતો પી.એફ./ઈ.એસ.આઈ.સી. નો માલિક (નોકરીદાતા) નો ફાળો જેતે કોન્ટ્રાકટરશ્રીએ પ્રવર્તમાન ધોરણો ▯ નુસાર લગત કચેરીમાં નિયમીતપણે જમા કરાવવાનો રહેશે. આ કામે દર માસના પી.એફ., ઈ.એસ.આઈ.સી., પ્રોફેશનલ ટેક્ષ તથા **GST** ના ચલણો બે કોપીમાં સેલ્ફ એટેસ્ટેડ સહી સિકકા સાથે રજુ કરવાના રહેશે. આ કામે મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબની **GST** (લાગુ પડતો હોય તો)ની

રકમ ▯ લગથી ચુકવવામાં આવશે. આ **GST** નું ચલણ બીજા માસના બીલ સાથે રજુ કરવાનુ રહેશે. જો આ ચલણ રજુ કરવામાં નહી આવે તો જરૂર જણાયે આગલા માસમાં આપવામાં આવેલ **GST** ની રકમ બીજા માસના બીલમાંથી કપાત કરવામાં આવશે.

27. પી.એફ./ઈ.એસ.આઈ.સી. નો માલિક (નોકરીદાતા) નો ફાળો, તેમજ લઘુતમ વેતન-ધારા ધોરણોમાં સરકારશ્રી દ્વારા જે કાંઈ પણ વખતોવખતોનાં ધારાધોરણોમાં વધારો/ઘટાડો કરવામાં આવે તે મુજબ બીલની રકમમાં થતા તફાવતની રકમ રા.મ.ન.પા. દ્વારા અલગથી ચુકવવામાં આવશે અથવા તફાવતની રકમ બીલની રકમમાંથી કપાત કરવામાં આવશે.

28. રાજકોટ મહાનગરપાલિકાનાં કામે કરવામાં આવતા ટેન્ડર ડોકયુમેન્ટ અને કરારનામામાં આર્બીટ્રેશન ને લગત જોગવાઈઓ દુર કરવાનો અને તેના બદલે ટેન્ડરની શરત/કરારનામાની શરતનાં અર્થઘટન સંદર્ભે રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનર સાહેબશ્રી નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. અને ટેન્ડરની/કરારનામાની શરતો અંગે કોઈ પણ બાબતે વિવાદ ઉપસ્થિત થયે રાજકોટની દીવાની અદાલતની હકુમત રહેશે.

29. સામાન્ય સંજોગોમાં શરત ક્રમાંક - ૦૧ માં દર્શાવેલ વિસ્તારની સફાઈ કરવાની રહેશે, પરંતુ પર્યાવરણ ઈજનેરશ્રી દ્વારા વિસ્તાર સિવાય અન્ય જગ્યા કે અન્ય વોર્ડના વિસ્તારમાં મંજુર થયેલ ભાવથી કામગીરી કરવા જણાવવામાં આવે તો કોન્ટ્રાકટરશ્રી દ્વારા તેનો ઈન્કાર કરી શકશે નહી, અને તેના વોર્ડમાં કરવાની થતી કામગીરીના વોર્ડ પૈકી જેના ઓછા ભાવ હશે તે ભાવે કામગીરી કરવાની રહેશે.

30. કોન્ટ્રાકટરશ્રીએ વર્કમેન કમ્પોશેશન પોલીસી હેઠળ કામે રાખેલ કામદારોનો વીમો ફરજીયાતપણે લેવાનો રહેશે.

31. કોન્ટ્રાકટરશ્રીએ **Manual Scavengers and their rehabilitation Act-2013** નું પાલન કરવાનું રહેશે. તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત થયે તેના કામદારોને કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

32. કોન્ટ્રાકટરશ્રીની તમામ કામગીરી પર લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર/મદદનીશ પર્યાવરણ ઈજનેર/સેનિટેશન ઓફિસર/સેનેટરી ઇન્સપેકટર/સેનેટરી સબ ઇન્સપેકટર સ્ટાફ તેમજ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી વખતો વખત આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવાનું રહેશે. જો સૂચનાનું પાલન કરવામાં ન આવે તો રૂ ૫૦૦/- પેનલ્ટી બિલમાંથી કપાત કરવાની રહેશે.

33. કોન્ટ્રાકટરશ્રી એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે ફાળવવામાં આવેલ વિસ્તાર માં સફાઈ કામદાર જમીન પરની સફાઈ કામગીરી જ કરે છે. આ સિવાય ની અન્ય કોઈપણ અન્ય કામગીરી કરતા માલુમ પડ્યા નાં કીસ્સામાં પ્રતિ સફાઈ કામદાર રૂ!. ૧૦૦૦/- પ્રતિ દિવસ પેનલ્ટી સ્વરૂપે વસુલ કરવામાં આવશે. તેમજ કોઈ પણ પ્રકારનો અકસ્માત થયેથી તેમના સફાઈ કામદારોનું વળતર ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

34. ટેન્ડરમાં બતાવેલ **BRTS** રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ)માં આવેલ તમામ સાઇડોની ફૂટપાથની નેખમ (મૂળ)માં રહેલ ધૂળ, કાદવ કિચડ વગેરે સાવરણા અથવા આડા અથવા ઉભા બ્રશથી સઘન સફાઈ કરવાની રહેશે.

35. ટેન્ડરમાં બતાવેલ રોડમાં કોઈપણ જગ્યાએ ખડ કે નાના બિનજરૂરી છોડ હોય તો તે દુર કરવાના રહેશે. અને તેને ટ્રેક્ટર/ટીપરમાં નાખવાનો રહેશે.

36. ટેન્ડરમાં દર્શાવેલ રોડ ઉપર લીટરીંગ બિન/ટ્વિન બિન લગાવેલ હોય, અથવા ભવિષ્યમાં લગાડવામાં આવે ત્યારે તે લીટરીંગ બિન/ ટ્વિન બિન માંથી કચરો ખાલી કરવાનો રહેશે. તેમજ લીટરીંગ બિન/ ટ્વિન બિનની બહાર પડેલ કચરો સફાઈ કરીને ટ્રેક્ટર/ટીપરમાં નાખવાનો રહેશે.

37. રસ્તાની બંને સાઇડ આવતી ફૂટપાથ, સર્કલ, ત્રિકોણ પાર્કિંગની જગ્યા, સાઈકલ ટ્રેક, પ્લાન્ટેશન લેન સર્વિસ રોડ, ઓવરબ્રીજ અને ઓવરબ્રીજના ખાચાઓ વગેરે તમામ જગ્યાએ કચરો ઉપાડી તથા સઘન સફાઈ કરવાની રહેશે, જેનું કોઈ વાધારાનું પેમેન્ટ આપવામાં આવશે નહિ.

38. આ કામ અંગેના વિવાદ માટેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

## પેનલ્ટીની શરતો :-

39. કોન્ટ્રાકટરશ્રીએ ફાળવાના થતા પાર્ટ ટાઈમ સફાઈ કામદારો કરતા ઓછા પાર્ટ ટાઈમ સફાઈ કામદારો ફાળવેલ હશે તો પ્રતિ ઓછા પાર્ટ ટાઈમ સફાઈ કામદાર પ્રતિ દિવસના રૂા. ૧૦૦/- પેનલ્ટી બીલ માંથી કપાત કરવામાં આવશે. ચોથા દિવસથી રૂા. ૨૦૦/- પેનલ્ટી બીલ માંથી કપાત કરવામાં આવશે. જે દિવસે સફાઈ કામદારની હાજરી નિયત કરેલ સંખ્યા કરતા ૧૦% ઓછી હશે તે દિવસે ઉપરોકત પેનલ્ટી તેમજ વધારાની રૂા. ૧૦૦/- પ્રતિ સફાઈ કામદારની પેનલ્ટી કરવામાં આવશે. સફાઈ કામદારની ગેર-હાજરી સતત ૭-દિવસ સુધી ૧૦% ની મર્યાદામાં કે તેથી વધુ કોઈ પણ સંજોગોમાં ચલાવવામાં આવશે નહિ. આ કિસ્સામાં એજન્સીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જરૂર જણાય તો કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટરશ્રીનો કોન્ટ્રાકટ રદ્દ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.
40. રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કર્મચારી, અધિકારી દ્વારા મોબાઈલ ફોન કરવામાં આવે અને મોબાઈલ ફોન ઉપાડવામાં ન આવે તથા આપવામાં આવેલ સુચનાનો અમલ કરવામાં ન આવેતો કર્મચારી અથવા અધિકારીની લેખિત ફરિયાદના આધારે આવા પ્રત્યેક કિસ્સામાં નાયબ પર્યાવરણ ઈજનેર (સો.વે.મે.) દ્વારા જે તે કોન્ટ્રાકટરશ્રીને રૂા.૫૦૦/- નો દંડ કરવામાં આવશે.
41. કોન્ટ્રાકટરશ્રી દ્વારા આ કામે રાખેલ કામદારોને શરત નં. ૧૧ મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નકકી કરેલ મીની ટીપર સિવાય અન્ય સ્થળે કચરો ઠાલવતા હોવાનું માલુમ પડશેતો પ્રતિ દિવસના પ્રતિ પોઈન્ટ દીઠ રૂા. ૫૦૦/- પેનલ્ટી બીલ માંથી કપાત કરવામાં આવશે, અને જો કચરો સળગાવેલ હશેતો પ્રતિ દિવસના પ્રતિ સળગાવેલ કચરાના પોઈન્ટ દીઠ રૂા. ૧૦૦૦/- પેનલ્ટી બીલ માંથી કપાત કરવામાં આવશે. તેમજ રૂટમાં લીટરીંગ બિન/ટ્વીન બિન માંથી કચરો ખાલી કરવામાં નહિ આવે તો પ્રતિ દિવસના પ્રતિ લીટરીંગ બિન/ટ્વીન બિનના રૂ.૧૦૦/- (એક સો) મુજબ પેનલ્ટી બિલમાંથી કપાત કરવામાં આવશે.
42. કોન્ટ્રાકટરશ્રી દ્વારા આ કામે રાખેલ કામદારોને શરત નં. ૧૨ મુજબ એપ્રન/માસ્ક/ગ્લોઝ/આઈ-કાર્ડ પહેરેલ નહી હોય તો આવા પ્રતિ સફાઈ કામદાર દીઠ પ્રતિ દિવસના રૂા. ૫૦/- લેખે પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.
43. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, સંચારબંધી (કરફ્યુ) માં આ કામના કોન્ટ્રાકટરશ્રી ને જરૂર પડયે રાત્રે કામગીરી ચાલુ રાખવાનુ કહેવામાં આવેતો કામગીરી ચાલુ રાખવાની રહેશે. તેનુ મંજુર થયેલ ભાવ મુજબ ચુકવણું કરવામાં આવશે, અને આ કામગીરી કરવાનો કોન્ટ્રાકટરશ્રી દ્વારા ઈનકાર કરવામાં આવશે તો રૂા.૧૦,૦૦૦/- પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.
44. દરરોજ સફાઈ કામગીરી માટે આપવામાં આવેલ વિસ્તાર સફાઈ કામદાર મારફત પુર્ણ સફાઈ કરેલ હશે તેનું પેમેન્ટ આપવામાં આવશે. અડધો કે અધુરો વિસ્તાર સફાઈ કરેલ હશે તો લગત વિસ્તારનાં સફાઈ કામદારની ગેરહાજરી કરવામાં આવશે. તથા પ્રતિ દિવસના પ્રતિ સફાઈ કામદાર દીઠ રૂ!. ૨૦૦/- બીલ માંથી કપાત કરવામાં આવશે.
45. કોન્ટ્રાકટરશ્રી એ તેના કામદારોને નિયમીતપણે પગાર/બોનસ ચુકવાનું રહેશે. કોન્ટ્રાકટરશ્રી દ્વારા તેમના સફાઈ કામદારોને નિયમીતપણે પગાર/બોનસ ચૂકવામાં ન આવે અને આ કારણોસર જો સફાઈ કામદારો દ્વારા હડતાલ પાડવામાં આવે અને/અથવા સફાઈની કામગીરી બંધ રહેશે તો ટેન્ડરની શરત નં. ૩૩ મુજબ પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે, અને અવાર-નવાર આવુ બનવા પામશે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ્દ કરી કોન્ટ્રાકટરશ્રીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે, અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

46. કોન્ટ્રાકટરશ્રી દ્વારા અન્ય કોઈપણ કોન્ટ્રાકટરને આ કોન્ટ્રાકટ પેટામાં આપી શકાશે નહી, અને જો પેટામાં કોન્ટ્રાકટ આપી દીધેલ હોવાનુ માલુમ પડશે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ્દ કરવામાં આવશે અને જરૂર જણાયે બ્લેક લીસ્ટમાં પણ મુકવામાં આવશે.

47. કોન્ટ્રાકટરશ્રીએ સફાઈ કામદારને આઈ. કાર્ડમાં પી.એફ. નંબર/ ઈ.એસ.આઈ.સી./મોબાઈલ નંબરનો સમાવેશ થતો હોય, તેમ કોન્ટ્રાકટરશ્રી ના ખર્ચે આપવાના રહેશે અન્યથા પ્રતિ સફાઈ કામદાર પ્રતિ દિવસ ના રૂા ૫૦/- લેખે પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

## **લાયકાતો** :-

1. પી.એફ. નંબર સર્ટીફીકેટ
2. ઈ.એસ.આઈ.સી. નંબર સર્ટીફીકેટ.
3. છેલ્લા સાત વર્ષમાંથી કોઈપણ એક વર્ષનું વાર્ષિક ટર્નઓવર રૂા ૧,૧૬,૨૬,૦૦૦/- અંકે રૂા એક કરોડ સોળ લાખ છવીસ હજાર પુરાનું કામ કર્યાનું સી.એ. નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
   ભાવ ભરનાર એજન્સીએ રૂા ૫૮,૧૩,૦૦૦ /- અંકે રૂા અઠાવન લાખ તેર હજાર પુરા કે તેથી વધુની વર્કિંગ કેપીટલ છે તેવું સી.એ. નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહશે.
4. સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં કંપનીમાં છેલ્લા સાત વર્ષમાં ઓછામાં ઓછા રૂા ૯૩,૦૦,૮૦૦/- અંકે રૂા ત્રાણું લાખ આઠ સો રૂપિયા પુરાનું એક સફાઈ કામગીરી અથવા કચરા એકત્રીકરણનું કામ પૂર્ણ કર્યા નો અનુભવ અથવા ચાલુ ટેન્ડર કામના ૯૦% કામ સંતોષકારક પૂર્ણ કરેલનું પ્રમાણપત્ર રૂા ૯૩,૦૦,૮૦૦/- અંકે રૂા ત્રાણું લાખ આઠ સો રૂપિયા પુરાથી વધુનું હોવું જોઈએ.
5. છેલ્લા ૩ વર્ષની પી.એફ. ચૂકવણીની રસીદ રજુ કરવાની રહેશે.
6. છેલ્લા ૩ વર્ષની ઈ.એસ.આઈ.સી. ચૂકવણીની રસીદ રજુ કરવાની રહેશે.
7. છેલ્લા ૩ વર્ષથી પી.એફ. નું ફોર્મ નં. ૬ રજુ કરવાનું રહેશે
8. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફેવરમાં ડી.ડી. અથવા બેંક ગેરેન્ટી સ્વરૂપે ઈ.એમ.ડી. રૂા ૨,૩૨,૫૨૦/- અંકે રૂા બે લાખ બત્રીસ હજાર પાંચ સો વીસ પુરા તથા ટેન્ડર ફી (નોન-રીફંડેબલ) રૂા ૪૫૦૦/- અંકે રૂપિયા ચાર હજાર પાંચસો પુરા ટેન્ડર ડોકયુમેન્ટ સાથે રજુ કરવાના રહેશે.
9. ભાવ ભરનાર એજન્સીએ તેઓ કોઈપણ જગ્યાએ બ્લેકલીસ્ટ થયેલ નથી તે મતલબનું રૂા ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

પર્યાવરણ ઈજનેર
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા
# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| શેડ્યુલ- 'એ' | |
|---|---|
| **વિગત** | **સર્વિસચાર્જની ટકાવારી** |
| શહેરના પશ્ચિમ ઝોનના **BRTS** રૂટ (૧૫૦ ફૂટ રીંગરોડ-માધાપર ચોકડી થી ગોંડલ ચોકડી સુધી તમામ સાઈડ) માં પાર્ટ ટાઈમ સફાઈ કામદારો મારફતે સફાઈ કરી કચરો ઉપાડવાની કામગીરી માટે પાર્ટ ટાઈમ સફાઈ કામદારનાં માસિક વેતનની રકમ ઉપર એજન્સીને ચુકવવાના થતા સર્વિસચાર્જની ટકાવારી | To be filled online only on www.nprocure.com **(મીનીમમ વેજીસ મુજબ પ્રતિદીનના રૂપિયા મુજબ)** |

* **ઉપરોક્ત મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબનો GST (જો લાગુ પડતો હોય તો) અલગથી આપવામાં આવશે.**

ઉપર જણાવ્યા મુજબના કામ માટે ઉપર જણાવેલ શરતો અન્વયે સર્વિસ ચાર્જ ઓછા/વધુ ટકા ઓનલાઈન ભાવ ભરવાના રહેશે.

**પર્યાવરણ ઈજનેર**
**રાજકોટ મહાનગરપાલિકા**